For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# 44 કરોડ ચૂકવી હીરા ઉદ્યોગપતિની મુક્તિ

**પશ્ચિમ** આફ્રિકાના માલીમાં સોનાની ખાણનો કોન્ટ્રાક્ટ મેળવનાર ડાયમંડ કિંગ ધીરૂ રામાણી અપહરણના ત્રણ મહિના પછી મુક્ત થયા

**એક** સમયે સુરતના વરાછા રોડ વિસ્તારમાં હીરાનું કારખાનું ચલાવનાર ધીરૂ રામાણી સપરિવાર અમેરિકાના ન્યૂયોર્ક શિફ્ટ થઈ ગયા હતા

સુરતઃ મૂળ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના વતની અને એક સમયે સુરતના હીરા ઉદ્યોગમાં 'ડાયમંડ કિંગ'ની ઓળખ ધરાવતા ઉદ્યોગપતિ ધીરૂ રામાણીનું પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં લગભગ ત્રણ મહિના અગાઉ થયેલું અપહરણ આખરે સુખદ અંતે પહોંચ્યું છે. અલ-કાયદા સાથે જોડાયેલા આતંકી સંગઠન જમાત નુસરત અલ-ઈસ્લામ વલ મુસ્લિમીન (JNIM) ના કબજામાં રહેલા ધીરૂભાઈ રામાણી, તેમના મદદનીશ અને રસોઈયાની પરિવાર દ્વારા અંદાજે 4 મિલિયન યુરો (લગભગ 44 કરોડ રૂપિયા ) ની ખંડણી ચૂકવ્યા બાદ મુક્તિ થઈ હોવાનું હીરા ઉદ્યોગના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે.

અપહરણકારોએ શરૂઆતમાં ત્રણેયની મુક્તિ માટે અંદાજે 100 કરોડની ખંડણીની માંગણી કરી હતી. જોકે લાંબી અને ગુપ્ત વાટાઘાટો બાદ આ રકમ ઘટાડીને લગભગ 44 કરોડ પર સમાધાન થયું હોવાનું જાણવા મળે છે.

હીરા ઉદ્યોગકાર તથા ઈન્ડિયા ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટના ચેરમેન દિનેશ નાવડિયાએ ધીરૂભાઈ રામાણીની મુક્તિની પુષ્ટિ કરતાં જણાવ્યું કે, 'ધીરૂભાઈ રામાણીને મુક્ત કરાવવામાં આવ્યા છે. આ સમાચારથી સમગ્ર હીરા ઉદ્યોગમાં રાહતનો માહોલ છે.

...અનુસંધાન પાના 5 પર

### ન્યૂયોર્કથી સુરત અને સુરતથી માલી સુધી મોટું વ્યાપારિક સામ્રાજ્ય ઊભું કર્યું હતું

ધીરૂ રામાણી આંતરરાષ્ટ્રીય હીરા વેપારમાં જાણીતું નામ છે. તેઓ ન્યૂયોર્ક સ્થિત રામાણી એક્સપોર્ટ, હીરા ઉત્પાદન એકમ તથા CBD Diamond & Jewelleryના શોરૂમના માલિક છે. સુરતમાં પણ તેમનું વિશાળ ડાયમંડ નેટવર્ક કાર્યરત છે. તેમના પુત્રો અમેરિકન નાગરિક છે અને સમગ્ર પરિવાર હાલ અમેરિકામાં રહે છે.તેમની મુક્તિના સમાચાર મળતાં પરિવાર ઉપરાંત સુરતના હીરા ઉદ્યોગમાં પણ ભારે રાહતની લાગણી જોવા મળી હતી.

### સોનાની ખાણના પ્રોજેક્ટ માટે માલીમાં ગયા હતા

ધીરૂભાઈએ છેલ્લા કેટલાક વર્ષોમાં પરંપરાગત હીરા ઉદ્યોગમાંથી બહાર આવી પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં સોનાની ખાણકામના ક્ષેત્રમાં મોટું રોકાણ કર્યું હતું. તેમણે ત્યાં ગોલ્ડ માઇનિંગ પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મેળવી સફળતાપૂર્વક કામગીરી શરૂ કરી હતી. છેલ્લા બે વર્ષથી તેઓ માલીમાં રહી સમગ્ર પ્રોજેક્ટનું જાતે સંચાલન કરી રહ્યા હતા. ત્રણ મહિના પહેલાં તેઓ ન્યૂયોર્કથી માલી પહોંચ્યા બાદ અલ-કાયદા સાથે જોડાયેલા આતંકી સંગઠન JNIMના આતંકવાદીઓએ તેમનું અપહરણ કર્યું હતું. ધીરૂભાઈ સાથે તેમના મદદનીશ અને રસોઈયા સહિત કુલ ત્રણ ભારતીયોને બંધક બનાવવામાં આવ્યા હતા.

### સરકારી એજન્સીને સામેલ કર્યા વગર થઈ વાટાઘાટો

પરિવારના નજીકના એક સંબંધીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું કે, 'અમારી પાસે વાટાઘાટો કરીને તેમના સુરક્ષિત પાછા ફરવાની ખાતરી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. સમગ્ર પ્રક્રિયા પરિવાર દ્વારા સંભાળવામાં આવી હતી અને તેમાં કોઈ સરકારી એજન્સી કે વિદેશ મંત્રાલયને સામેલ કરવામાં આવ્યું નહોતું. જો કે, બીજી તરફ અમેરિકા અને ભારત સરકાર પણ પોતાના સ્તરે તેમની મુક્તિ માટે પ્રયાસ કરી રહી હોવાનું હીરા ઉદ્યોગમાં ચર્ચાઈ રહ્યું છે.

### વિડીયો કોલથી જીવિત હોવાનો પુરાવો આપ્યો

વાટાઘાટો દરમિયાન પરિવારે ધીરૂભાઈ રામાણી જીવિત હોવાનો પુરાવો માંગતા અપહરણકારોએ વીડિયો કોલ દ્વારા ધીરૂભાઈ અને તેમના પરિવાર વચ્ચે વાતચીત કરાવી હતી. આ કોલ દરમિયાન ધીરૂભાઈ તથા અન્ય બંને ભારતીયો સુરક્ષિત હોવાનું સ્પષ્ટ થતાં પરિવારે વાટાઘાટોને વધુ વેગ આપ્યો હતો.



# સ્મીમેરમાં MBBSમાં સુરતીઓ માટે 131 બેઠક અનામત રાખવા તંત્રની દરખાસ્ત




હંમેશાની જેમ સુરતના હિત માટે અગ્રેસર રહેલા 'ગુજરાતમિત્ર'માં છપાયેલા વિવિધ અહેવાલો

**સુરતીઓના** જ કરવેરાથી ચાલતી આ કોલેજ જ્યારે શરૂ થઈ ત્યારે 70 ટકા બેઠકનો સુરતીઓનો ક્વોટા હતા

**બાદમાં** અન્યાય કરીને 70 ટકાને બદલે માત્ર 70 બેઠકનો જ ક્વોટા કરી દેવાયો હતો

**વર્ષોથી** સુરતીઓને થતાં અન્યાય સામે આગેવાનો તેમજ સંગઠનો દ્વારા રજૂઆતો કરાઈ હતી

**નવી** દરખાસ્ત પ્રમાણે 70 ટકા પ્રમાણે હવે સુરતીઓ માટે 131 બેઠક અનામત રહેશે

સુરતઃ સુરતીઓના કરવેરાના નાણાંથી ચાલતી સ્મીમેર મેડિકલ કોલેજમાં ભૂતકાળની 70 ટકા બેઠકો સુરતના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવાની જગ્યાએ માત્ર 70 જ બેઠકો અનામત રાખીને કરાઈ રહેલા અન્યાય સામે 'ગુજરાતમિત્ર'એ ચલાવેલી ઝુંબેશને પગલે સુરત મનપાના વહીવટી તંત્રએ કુલ 70 બેઠકોને બદલે 70 ટકા એટલે કે 131 બેઠક સુરતવાસી વિદ્યાર્થીઓ માટે અનામત રાખવાનો નિર્ણય કરવા માટેની દરખાસ્ત

મંજૂરી માટે સ્થાયી સમિતીમાં

...અનુસંધાન પાના 5 પર

### સુરતમાં હાલમાં વસતીની સામે માત્ર 4500 તબીબો જ છે, ભવિષ્યમાં વધુ તબીબોની જરૂર પડે તેમ છે

હાલમાં શહેરમાં અંદાજે 4,500 તબીબો ઉપલબ્ધ છે. જે વસતીના પ્રમાણમાં સરેરાશ 2000 નાગરિક દીઠ માત્ર એક જ તબીબ છે. સુરતની વસતી વધી રહી છે અને દર વર્ષે સ્મીમેરમાં લોકલ ક્વોટા માટે અરજીની સંખ્યા પણ મોટી સંખ્યામાં હોય છે. આ બંને પરિબળોને ધ્યાને રાખીને પણ સ્મીમેરમાં સુરતના વિદ્યાર્થીઓ માટે બેઠકો વધે તે જરૂરી છે.

**વર્ષ પ્રમાણે થતી અરજીની સંખ્યા**

| શૈક્ષણિક વર્ષ | કુલ અરજી |
|---|---|
| ૨૦૨૩-૨૪ | ૫૭૪ |
| ૨૦૨૪-૨૫ | ૬૩૭ |
| ૨૦૨૫-૨૬ | ૫૦૮ |

**સુરતમાં વધતી વસતીનું પ્રમાણ**

| વર્ષ | કુલ વસતી | વધારો |
|---|---|---|
| ૨૦૨૪ | ૮૩,૩૧,૦૦૦ | 3.30 |
| ૨૦૨૫ | ૮૫,૮૨,૦૦૦ | 3.0૧ |
| ૨૦૨૬ | ૮૮,૨૧,૦૦૦ | ૨.૭૮ |

### સ્મીમેરમાં MBBSમાં પ્રવેશ મુદ્દે સુરતીઓને ન્યાય અપાવવાની જવાબદારી હવે ભાજપ શાસકોની

સુરત મહાપાલિકા દ્વારા સ્મીમેર મેડિકલ કોલેજને ચલાવવા માટે વર્ષે કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે છતાં પણ સ્મીમેરમાં એમબીબીએસમાં પ્રવેશમાં સુરતના સ્થાનિક વિદ્યાર્થીઓને અન્યાય થતો રહ્યો છે. આ અન્યાય સામે સુરતીઓમાં વ્યાપક રોષ છે. જેને કારણે જ લોકો અને 'ગુજરાતમિત્ર'એ ઝુંબેશ ચલાવી હતી અને અન્યાયને દૂર કરવા માટે જ તંત્રએ સ્થાનિક સુરતી વિદ્યાર્થીઓ માટેનો ક્વોટા વધારવાની દરખાસ્ત શાસકો સમક્ષ કરી છે. હવે સુરતીઓને ન્યાય અપાવવાની જવાબદારી શાસકોની છે. જો આગામી શનિવારે મળનારી સ્થાયી સમિતીમાં શાસકો પોતાની જવાબદારી ચૂકશે તો તે સુરત સાથે દગા સમાન રહેશે.

### નવી દરખાસ્ત પ્રમાણે સ્મીમેર મેડિકલ કોલેજમાં બેઠકોનું ગણિત

- MBBSની કુલ બેઠક: 100 ટકા (250 બેઠક)
- NRI ક્વોટા: 15 ટકા (38 બેઠક)
- મેનેજમેન્ટ ક્વોટા: 10 ટકા (25 બેઠક)
- ગવર્મેન્ટ ક્વોટા: 75 ટકા (188 બેઠક)
- સ્થાનિક સુરતનો ક્વોટા: 70 ટકા (131 બેઠક)

# ઉધનામાં ભૂવો પડતાં દૂધથી ભરેલો ટેમ્પો ફસાઈ ગયો

**રોજ** કોઇને કોઇ વિસ્તારમાં ભૂવા પડે છે

**પુરાણ** વગર જ રસ્તો બનાવી દીધા હોય તેવું ચિત્ર ઉપસે છે



સુરત : સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સુરત શહેરમાં રોડની ગુણવત્તા અંગે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. ઉધના વિસ્તારના મોરિયા માર્બલ રોડ પર શુક્રવારે અચાનક ભુવો પડતાં ત્યાંથી પસાર થઈ રહેલું દૂધ સપ્લાય કરતું એક કોમર્શિયલ વાહન તેમાં ફસાઈ ગયું હતું. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ જાહેર માર્ગ પર સર્જાયેલી આ ઘટનાએ સુરત મહાનગરપાલિકાની કામગીરી અને રોડના ગુણવત્તા નિયંત્રણ સામે ફરી ચર્ચા જગાવી છે. મળતી માહિતી મુજબ મોરિયા માર્બલ નજીકના મુખ્ય માર્ગ પરથી દૂધની ડિલિવરી માટે જતું વાહન પસાર થઈ રહ્યું હતું ત્યારે અચાનક રસ્તાનો એક ભાગ ધસી પડ્યો હતો. ભુવો પડતાં વાહનનું આગળનું ટાયર અંદર ખૂંપી ગયું અને વાહન એક બાજુ જોખમી રીતે નમી ગયું હતું. પરિસ્થિતિની ગંભીરતા સમજી ડ્રાઈવરે સમયસૂચકતા દાખવી તરત જ વાહનમાંથી બહાર નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો.

આ ઘટનાના પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. રહીશો અને વેપારીઓએ જણાવ્યું હતું કે કરોડો રૂપિયાનો ટેક્સ ચૂકવવા છતાં શહેરમાં સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત રસ્તાઓ મળતા નથી. ચોમાસાની શરૂઆત થતાં જ પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ પોકળ સાબિત થયા હોવાનું પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો.

# ઈસ્કોનમાં દર્શન કરીને ઘરે જતી બે વિદ્યાર્થિનીને ટ્રકે ઉડાવી, એકનું મોત

**અમરોલી** કોલેજના પ્રથમ વર્ષના બીકોમમાં અભ્યાસ કરતી હતી, બંને બહેનપણીઓ હતી

સુરતઃ જહાંગીરપુરાના ઈસ્કોન મંદિરે દર્શન કરીને કોલેજ જતી બે વિદ્યાર્થિનીની મોપેડને ટ્રક ચાલકે અડફેટે લેતા એકનું કરૂણ મોત થયું હતું. જ્યારે અન્ય બહેનપણીને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. બંને બહેનપણીઓ અમરોલી કોલેજના પ્રથમ વર્ષના બીકોમમાં અભ્યાસ કરતી હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના વતની જીગ્નેશભાઈ કુંભાણી હાલમાં કતારગામ વિસ્તારમાં આવેલ વિશાલનગર સોસાયટીમાં રહે છે અને સેલ્સમેન તરીકે નોકરી કરે છે. તેમની 18 વર્ષીય એકની એક પુત્રી રિયા અમરોલી કોલેજના F.Y બીકોમમાં અભ્યાસ કરતી હતી. અષાઢી બીજના અવસરે રિયા તેની બહેનપણી ઉર્વિષા દિનેશભાઈ બાવળીયા (ઉ.વ 19, રહે. અંબિકાનગર કતારગામ) સાથે મોપેડ પર જહાંગીરપુરા ઈસ્કોન મંદિરે દર્શન કરવા માટે ગઈ હતી. મંદિરે દર્શન કરીને બંને બહેનપણીઓ સાથે કોલેજ જવા માટે નીકળ્યા હતા. દરમિયાન સાયણ-હજીરા હાઈવે પર આશારામજી નગરની સામે અજાણ્યા ટ્રક ચાલકે બેફામ રીતે ટ્રક ચલાવી બંને બહેનપણીની મોપેડને અડફેટે લીધી હતી. જેમાં રિયાનું ટ્રકના ટાયર નીચે કચડાઈ જતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું.

...અનુસંધાન પાના 5 પર

# દમણ પાસે વિમાનમાંથી ડિસ્ટ્રેસ મેસેજ મળતાં સુરત એરપોર્ટ પર હાઇએલર્ટ

**અઝરબૈજાનના** ઇમરજન્સી લોકેટર ટ્રાન્સમીટરથી મળ્યો સંકેત; તમામ ઇમરજન્સી એજન્સીઓ સતર્ક કરાઇ

**તપાસના** અંતે જાણવા મળ્યું કે જેને આધારે ડિસ્ટ્રેસ એલર્ટ અપાયું એ મેસેજ ખોટો હતોઃ સુરત એરપોર્ટ ડિરેક્ટર

### ELT અને COSPAS-SARSAT શું છે?

Emergency Locator Transmitter (ELT) એ વિમાનમાં લગાવવામાં આવતું આપાતકાલીન ઉપકરણ છે, જે અકસ્માત અથવા ગંભીર ઇમરજન્સીની સ્થિતિમાં આપમેળે સક્રિય થઈ ઉપગ્રહ મારફતે ડિસ્ટ્રેસ સિગ્નલ પ્રસારિત કરે છે. COSPAS-SARSAT આંતરરાષ્ટ્રીય સેટેલાઇટ આધારિત સર્ચ એન્ડ રેસ્ક્યુ સિસ્ટમ છે, જે આવા એલર્ટ સંબંધિત દેશોની સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સીઓને પહોંચાડે છે, જેથી સમયસર બચાવ કામગીરી શરૂ કરી શકાય.

સુરત,: ગુજરૂવારે સવારે દમણ નજીકના સમુદ્ર વિસ્તારમાં વિમાનમાંથી આપાતકાલીન (ડિસ્ટ્રેસ) સંકેત મળતા સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગુરુવારે સવારે તમામ ઇમરજન્સી એજન્સીઓને તાત્કાલિક એલર્ટ પર મુકવામાં આવી હતી. જોકે, સમગ્ર ઘટનાક્રમ દરમિયાન સુરત એરપોર્ટની નિયમિત ફ્લાઇટ કામગીરી પર કોઈ અસર થઈ નહોતી અને તમામ ઓપરેશન સામાન્ય રીતે ચાલુ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, ગુરુવારે સવારે અંદાજે 10:30 વાગ્યે સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટના એર ટ્રાફિક કન્ટ્રોલ (ATC) તથા ભારતીય વિમાન પત્તન પ્રાધિકરણ (AAI)ને અઝરબૈજાનમાં નોંધાયેલ એક વિમાનના ઇમરજન્સી લોકેટર ટ્રાન્સમીટર (ELT) દ્વારા COSPAS-SARSAT સિસ્ટમ મારફતે આપાતકાલીન (Distress) એલર્ટ પ્રાપ્ત થયું હતું. આ એલર્ટ દમણ નજીકના સમુદ્રી વિસ્તારમાંથી પ્રાપ્ત થયાનું જણાવાયું હતું.

આ એલર્ટ મળતાની સાથે જ સુરત એરપોર્ટ પર અમલમાં રહેલી એરપોર્ટ ઇમરજન્સી પ્લાન (AEP) અને નિર્ધારિત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) મુજબ તમામ ઇમરજન્સી તંત્રને તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યા હતા. તેમાં CISF, એરપોર્ટ ફાયર એન્ડ રેસ્ક્યુ ટીમ, તબીબી સેવા વિભાગ, એર ટ્રાફિક કન્ટ્રોલ તેમજ અન્ય સંબંધિત એજન્સીઓનો સમાવેશ થાય છે.

આ ઘટના અંગે સુરત એરપોર્ટ ડિરેક્ટર આનંદકુમાર શર્માનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે," આ પ્રકારના મેસેજને ગંભીરતાથી લેવા આવે છે SOP મુજબની તપાસ અને પૂરતી ખાતરી કર્યા પછી આ મેસેજ ખોટો હતો એવું જાણવા મળ્યું હતું. અઝરબેજાન જતું કી વિમાન સુરત તરફ આવ્યું ન હતું.


# સપ્તાહ બાદ સુરત શહેર-જિલ્લામાં મેઘમહેર

**કામરેજમાં** સૌથી વધુ 2 ઇંચ, સવારે વરસાદ, બપોરે ઉકળાટનો અનુભવ, 21 જુલાઈ સુધી વરસાદની આગાહી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં અઠવાડિયા જેટલા વિરામ બાદ ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો હતો. ગુરુવારે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સવારે વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જોકે વરસાદ બંધ થયા બાદ બપોરના સમયે ભેજનું પ્રમાણ વધતાં ઉકળાટનો અનુભવ થયો હતો. શહેરમાં પણ દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ વચ્ચે હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો.

જિલ્લામાં સૌથી વધુ 51 મીમી વરસાદ કામરેજ તાલુકામાં નોંધાયો હતો. આ ઉપરાંત માંગરોળમાં 44 મીમી, બારડોલીમાં 38 મીમી, પલસાણામાં 27 મીમી, અરેઠમાં 25 મીમી અને માંડવીમાં 16 મીમી વરસાદ નોંધાયો હતો. સુરત તાલુકામાં 11 મીમી જ્યારે ઓલપાડ, ચોર્યાસી અને મહુવામાં 4-4 મીમી તથા અંબિકામાં 3 મીમી વરસાદ નોંધાયો હતો. ઉમરપાડા તાલુકામાં વરસાદ નોંધાયો નહોતો. વરસાદ બાદ શહેરમાં મહત્તમ તાપમાનમાં સામાન્ય વધારો જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 32.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં આંશિક ઘટાડા સાથે 27.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 79 ટકા રહ્યું હતું, જેના કારણે વરસાદ પછી પણ બપોરના સમયે ઉકળાટ અનુભવાયો હતો. દિવસ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન આશરે 14 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ સ્થાનિક સ્તરે એક સિસ્ટમ સક્રિય થતાં આગામી 21 જુલાઈ સુધી સુરત સહિત દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની સંભાવના છે.





૨૦મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ
જ્યારે આપણે પૃથ્વી પર કોઈ પ્રિય વ્યક્તિને ગુમાવીએ છીએ, ત્યારે આપણે સ્વર્ગમાં એક દેવદૂત મેળવીએ છીએ, જે આપણી ઉપર ધ્યાન રાખે છે. હવે આપણી ઉપર નજર રાખવા માટે આપણી પાસે એક દેવદૂત છે, એ જાણીને આપણને દિલાસો થાય. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે
સ્વ. ઠાકોરભાઈ ડાહ્યાભાઈ દેસાઈ
જન્મ તા. ૦૭/૦૩/૧૯૩૧
સ્વ. તા. ૧૭/૦૮/૨૦૦૬
લિ. જનક ઠાકોર દેસાઈ, ક્રિષ્ના જનક દેસાઈ, જય જનક દેસાઈ, પરેશ છગનભાઈ પ્રજાપતિ


બેસણું
દિલગીરી સહ જણાવવાનું કે અમારા બનેવીશ્રી/ફુઆશ્રી બાબુભાઈ રવજીભાઈ પટેલ નું તા. ૧૪/૦૭/૨૦૨૬ ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.
(લૌકિક રિવાજ જેવા કે ફુલહાર, બિસ્કિટ અને પોતપ્રથા સંદતર બંધ છે.)
બેસણું : તા. ૧૮/૦૭/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી રાખેલ છે.
સ્વ. બાબુભાઈ રવજીભાઈ પટેલ
સ્વ. ૧૪/૦૭/૨૦૨૬, મંગળવાર (ઉ.વર્ષ ૮૦)
લિ. શાંતિલાલ બાલુભાઈ પટેલ, સ્વ. ગમનભાઈ બાલુભાઈ પટેલ, વિજયભાઈ લીબાભાઈ પટેલ, દિનેશભાઈ શાંતિલાલ પટેલ, ભરતભાઈ શાંતિલાલ પટેલ, પરેશભાઈ ગમનભાઈ પટેલ, ધર્મેશભાઈ ગમનભાઈ પટેલ, હિરેનભાઈ ગમનભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
નિવાસ સ્થાન : આઝાદ સ્ટ્રીટ, ફૂંટ-મગદલ્લા, સુરત.


બેસણું
સ્વ. બાબુભાઈ રવજીભાઈ પટેલ
સ્વ. ૧૪/૦૭/૨૦૨૬, મંગળવાર (ઉ.વર્ષ ૮૦) (ગામ – નવા મગદલ્લા)
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિશ્રી/પિતાશ્રી બાબુભાઈ રવજીભાઈ પટેલ નું તા. ૧૪/૦૭/૨૦૨૬ ને મંગળવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુના ચરણોમાં પ્રાર્થના.
બેસણું : તા. ૧૮/૦૭/૨૦૨૬, શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી રાખેલ છે.
લિ. ગં.સ્વ. મંજુલાબેન બાબુભાઈ (પત્ની)
અક્ષય બાબુભાઈ પટેલ (પુત્ર)
દીપકભાઈ લખુભાઈ પટેલ, સ્વ. કિશોરભાઈ નાનુભાઈ પટેલ, સ્વ. નટવરભાઈ નાનુભાઈ પટેલ, ગોવિંદભાઈ નાનુભાઈ પટેલ, ભીખુભાઈ છગનભાઈ પટેલ, સ્વ. મોરારભાઈ નરસિંહભાઈ પટેલ, મોહનભાઈ નરસિંહભાઈ પટેલ, મનીષ અમૃતભાઈ પટેલ, વિજય રામભાઈ ડુમસીયા, જગદીશભાઈ લખુભાઈ પટેલ, ભરતભાઈ નાનુભાઈ પટેલ, વિનોદભાઈ લખુભાઈ પટેલ, સંજયભાઈ લખુભાઈ પટેલ, બકુલભાઈ લખુભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર
નિવાસ સ્થાન : ૨૦૩, સરસ્વતી વિદ્યાભવન પાછળ, નીકી હાઉસની બાજુમાં, ડુમસ રોડ, સુરત


દુ:ખદ અવસાન – સંયુક્ત બેસણું
સ્વ. ચંદુભાઈ મગનભાઈ પટેલ
સ્વ. ૧૫/૦૭/૨૦૨૬, બુધવાર
દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ/પિતાશ્રી ચંદુભાઈ મગનભાઈ પટેલ નું તા. ૧૫/૦૭/૨૦૨૬ ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુ પ્રાર્થના. સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૧૮/૦૭/૨૦૨૬ ને શનિવારના સમય સવારે ૧૦ થી ૧ કલાક દરમ્યાન રાખેલ છે.
(લૌકિક રિવાજ જેવા કે ફુલહાર, બિસ્કિટ અને પોતપ્રથા સંદતર બંધ છે.)
બેસણાનું સ્થળ : SMC ઉમરા કોમ્યુનિટી હોલ, એસ.કે.પાર્કની સામે, એકતા રો-હાઉસની બાજુમાં, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.
લિ. ગં.સ્વ. હંસાબેન ચંદુભાઈ પટેલ (પત્ની)
નિતીન ચંદુભાઈ પટેલ (એડવોકેટ), હેતલ નિતીનભાઈ પટેલ, સંદીપ ચંદુભાઈ પટેલ, કરિશ્મા સંદીપ પટેલ, કશક, સ્લોક, હિયાન
: શ્વસુર પક્ષ : બાલુભાઈ જસમતભાઈ પટેલ, સ્વ. કૌશિકભાઈ જસમતભાઈ પટેલ, સ્વ. નારણભાઈ જસમતભાઈ પટેલ
નિવાસ સ્થાન : ૩૯, પ્રગતિ બંગ્લોઝ, પીપલોદ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨: છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


છમાસિક પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ
અમારા વડીલ પરમ સહકારી મિત્ર, એવી કોઈ ક્ષણ નથી કે જ્યાં તમારૂં સ્મરણ ન થાય, એવી કોઈ જગ્યા નથી કે જ્યાં તમારા પૂનિત પગલાં ન હોય, એવી કોઈ સફળતા નથી કે જ્યાં તમારો પુરૂષાર્થ ન હોય. તમો હંમેશા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સુક્ષ્મ સ્વરૂપે સદા અમારી સાથે જ હોવાથી અમારી સફળતાના શિખરો પાર કરાવી રહ્યા છો. જે પ્રગતિ આપના અંતરિક્ષ આશિર્વાદથી આજે પણ અવિરતપણે ચાલુ છે.
અમારા પરમ સહકારી મિત્રને છમાસિક પુણ્યતિથિએ શ્રધ્ધા સુમન સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.
લિ. તમોને સતત ઝંખતા શોકાતુર મિત્રો.
સ્વ. ચંદ્રસિંહ ખુમાનસિંહ બાકરોલા
સ્વ. તા. ૧૭-૦૧-૨૦૨૬
કોસાડ, સુરત શહેર
બાબુભાઈ છોટુભાઈ દેસાઈ (સહકારી અને સામાજિક અગ્રણી) (નાણાંવટ ફળિયું, મોટાવરાછા-સુરત શહેર મો.: ૯૯૨૫૩ ૭૭૪૭૨)
રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ રમણલાલ દેસાઈ (મોટાવરાછા) (પ્રમુખ-ધી અમરોલી વિભાગ કાર્યકારી સહકારી મંડળી લી.-અમરોલી)
સૌથી વફાદાર મિત્ર સ્વ. નાગરભાઈ મોતીભાઈ પટેલના પરિવારજનો (કોસાડ)